## પ્રેસનોટ રામોલ પોલીસ

# મોબાઇલ ચોરીના આરોપીને કિ.રૂ.૮,૦૦૦/- ના મુદ્દામાલ સાથે પકડી ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી રામોલ પોલીસ

મહેરબાન પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૨ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૫ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "આઇ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓની સુચનાથી પો.સ્ટેશન વિસ્તારમાં બનતા મોબાઇલ ચોરી તથા ચેન સ્નેચીગના ગુનાઓ અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ વધુમાં વધુ પેટ્રોલીગ કરવા સારૂ સુચના કરવામાં આવેલ જે આધારે અમોએ સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓને વધુમાં વધુ પેટ્રોલીંગ કરી મિલ્કત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ શોધી કાઢવા સારૂ સુચના કરવામાં આવેલ જે સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઇ વી.બી.વાઘેલા નાઓ સ્ટાફના માણસોની સાથે પો.સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન તા.૨૧/૦૯/૧૯ ના કલાક ૨૦/૧૦ વાગે સિંધવાઇ માતાજીના મંદીર સામે આવતા એ.એસ.આઇ છત્રસિંહ ચીમનલાલ નાઓએ ખાનગી રાહે બાતમી હકીકત આપેલ કે એક ઇસમ જેણે શરીરે વાદળી કલરનુ જીંસ પેંટ તથા કાળા કલરનો ફુલવાળો શર્ટ પહેરેલ છે તે ઇસમ પોતાની પાસે ચોરી અગર છળકપટથી મેળવેલ મો.ફોન રાખીને વેચવા માટે મો.ફોનની દુકાનો પર ફરે છે જે બાતમી હકીકત આધારે

આરોપી:- <u>કાર્તીકભાઇ ભગવાનભાઇ સરદાર (મરાઠી) ઉવ.૨૧ રહે. મનં.૨૪ હિમાંશુ પાર્ક રાજેશ પાર્કની સામે સીટીએમ રામોલ અમદાવાદ શહેર</u>

નાની પાસેથી એક એડમી કંપનીનો મોબાઇલ ફોન કિ.રૂ.૮૦૦૦/- ની મત્તાનો મળી આવેલ જે મોબાઇલ ફોનના બીલ કે માલીકીપણાના આધાર પુરાવા બાબતે કો ફળદાયક હકીકત જણાવેલ ન હોય આરોપીને તા.૨૧/૦૯/૧૯ ના કલાક ૨૧/૦૦ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧) ડી મુજબ પકડી અટક કરવામાં આવેલ.

અને મોબાઇલ ફોનના માલીક બાબતે તપાસ કરતા રાકેશકુમાર દીલીપભાઇ પરમાર ઉવ.૨૭ રહે.દુધમંડળી પાસે ભાટીયાપુરા સામળખા તા.જી.આણંદ નાઓની માલીકીનો હોય અને આરોપીએ તા.૦૯/૦૯/૧૯ ના રોજ સીટીએમ બરોડા એકસપ્રેસ હાઇવે પાસેથી ફરીયાદીને ડરાવી ધમકાવી બે લાફા મારી ફોન આંચકી લીધેલાની હકીકત જાણવા મળેલ હોય જે આધારે રામોલ પો.સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં. ૧૫૨/૧૯ ધી ઇપીકો કલમ ૩૭૯(એ)(૪), ૫૦૬(૨) મુજબનો ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરવામાં આવેલ છે.

<u>આરોપી અગાઉ રામોલ પો.સ્ટ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૬૫/૧૯ ધી ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબના ગુનામા પકડાયેલ છે.</u>

(કે.એસ.દવે)
સિની.પોલીસ ઇન્સ્પેકટર
રામોલ પો.સ્ટે અ'વાદ શહેર

Scanned with CamScanner